રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

એ રીતે આખાયે જીવનને સુધારી લઈએ
ધ્યાનપૂર્વક જીવી આ ક્ષણને સુધારી લઈએ
તાપ રહેવાનો, બસ આ મૃગજળોને ખાળીને
શક્ય છે એટલું આ રણને સુધારી લઈએ

- હેમંત પુણેકર

પાથેય

દોડની હોડ...

સતત વિકસતા રહેવું કે નદીના પ્રવાહની જેમ ખળખળ વહેતા રહેવું એ સાચી દિશા ગણી શકાય.મોટાભાગે આપણા માપદંડો કે માન્યતાઓ સાથે જ એક સીમિત વર્તુળમાં આપણે જીવતા રહીએ છીએ.જીવવાનો કોઈ ગંભીર ઉપક્રમ હોતો નથી.બસ એમ જ જીવાય છે.જો મળેલા જીવનનો હેતુ સમજીએ અને થોડું ગંભીરતાપૂર્વક વિચારીએ તો જીવનના અનેક અર્થ પામી શકીએ છીએ.કોઈ એકાદ હેતુ માટે કે કોઈ ચોક્કસ દિશા તરફ આયોજન કરી શકીએ તો જીવનનું સાર્થક્ય અનુભવી શકાય. મોટેભાગે આપણે મળેલા સમયને વેડફી નાખતા હોઈએ છીએ.જો યોગ્ય આયોજન કરીએ તો આવી કીંમતી પળોને સુંદર જીવનની સજાવટ બનાવી શકીએ.જીવનની વિષમમાં વિષમ પરિસ્થિતિમાં પણ માણસ ધારે તો કોઈને કોઈ રસ્તો શોધી શકે.કહેવાયું છે ને દરેક કાળી ડિંબાગ વાદળીને એક રૂપેરી કોર હોય છે ! આ આશાવાદને કવિ શબ્દોમાં બરાબર વ્યક્ત કરે છે.મૃગજળોને રણમાંથી હટાવી લઈએ તો ભલે તાપનો અનુભવ થાય.પરંતુ એ રીતેય રણનું સૌંદર્ય વધારવામાં આપણે કોઈક પ્રયાસ કર્યો છે એવું ચોક્કસ કહી શકાય !

આશાનો તંતુ અજીબ છે.જે માણસ ખુલે છે એ જ જગતના પારણે ઝુલે છે..અઢારમા વર્ષે યુવાની ના સંચાર સાથે મોહનદાસ ગાંધી સમુદ્રની અફાટ જળરાશીને અતિક્રમી દક્ષિણ આફ્રિકા ગમન કરેછે ત્યારે એક નવી સૃષ્ટીને આત્મસાત કરે છે.એમની દ્રષ્ટિને બૃહદ આકાશ મળે છે..અમારી ગામઠી શાળાના આચાર્ય એ અમને જીવનમંત્ર આપેલો કે 'મન ને ખુલ્લું રાખવું..મુક્તવિહાર કરવો.' બંધિયારપણું એ અભિશાપ છે..સ્વૈરવિહારની પણ અનોખી સહેલગાહ હોય છે..વૃક્ષ વિકસે છે...ફેલાય છે..આકાશ અસીમ છે..તરણું ખુલ્લી હવામાં લહેરાય છે..પ્રકૃતિમાં ક્યાંય બંધિયાર માહોલ નથી...માણસ પણ એના અંશ તરીકે જો વ્યાપ વધારે તો અનેક અજાયબીઓ પામતો હોય છે..આપણે જયારે વ્યાપક અભિગમ અપનાવીએ છીએ ત્યારે આપણી માન્યતાઓને નવો આયામ મળે છે..આપણે બીજાની વાતમાં પણ વજૂદ જોઇ શકીએ છીએ..મનની બારી ઉઘાડી કરીએ છીએ ત્યારે નવી દિશાઓ ની તાજગી તરબતર કરી જાય છે. વૈશ્વિક અભિગમ થી જીવનાર માણસ ક્યારેય કૂપમંડૂક નથી હોતો..માણસે સમષ્ટિનું સાનિધ્ય પામવું હોય તો મુક્ત મને વિહરવું જોઇએ...એકવખત એ રાહ અપનાવ્યા પછી સ્થગિતતાનો શાપ આપણને લાગતો નથી એક નવ્ય કવિએ સાચું જ કહ્યું છે..

"ચાલવાના અર્થમાં ચાલ્યા પછી,
થોભવું દરવાજા જેવું હોય છે. "

આજના માણસની સ્થિતિ એવી છે કે દુનિયા એની મુઠ્ઠીમાં છે અને ચરણ અટકી ગયેલાં છે..પહેલાં દુનિયા સિમીત હતી..પગદંડીઓ જ હતી પણ માણસની ખેપ અને રઝળપાટ એને વ્યાપકતાનો એહસાસ કરાવતી...ચાલવું..વાંચવું કે લખવું એ જાણે સ્મૃતિવશ થતું જાય છે..ભૌતિકતાની દોડ માં આપણે સાચા અર્થમાં દોડવાનું ભુલી જ ગયા છીએ..દોડ શબ્દ હવે કેવળ હોડનો પર્યાય બન્યો છે..સીમાડા, શેઢા ,ગોદરું કે પાદર જેવા શબ્દો પરાયા લાગે છે..સેલ્ફીનું બીજું નામ આત્મરતિ છે...પોતાની આંખોથી માત્ર પોતાને જ નિહાળતો માણસ નેજવાની નજરે નભદર્શન કરે એવી તો આશા પણ ક્યાંથી રાખી શકાય?

ફિલ્મી ચંદ્રયાન..! ચલો દિલદાર ચલો, ચાંદ કે પાર ચલો, હમ હૈ તૈયાર ચલો..!

ચંદ્રયાન-૩ ભલે ૨૪ ઓગસ્ટના રોજ ચંદ્ર પર પહોંચશે. પરંતુ આપણા કવિઓ, લેખકો અને ફિલ્મના ગીતકાર તો કેટલીય વાર ચાંદની સફર કરી આવ્યા છે અને

આપણને પણ ચાંદ કે પાર લઈ ગયા છેપ

ચાંદ આંહે ભરેગાપ ચાંદ સી મહેબૂબા હો મેરી કબપ ખોયા ખોયા ચાંદપ ચંદા હૈ તુ મેરા સૂરજ હૈ તુપ ચાંદ છૂપા બાદલ મેંપ આધા હૈ ચંદ્રમા રાત આધીપ બોલીવૂડમાં તો ચાંદ ઉપર મારી યાદશક્તિ પ્રમાણે લગભગ ૫૦ ગીતો તો હશે, જે પાછા પોપ્યુલર છે.

આજે વિજ્ઞાનની કોઈ ભારેખમ વાત નથી કરવી પરંતુ વિજ્ઞાન પર આધારિત બેસ્ટ મુવી કે જે જોવા લાયક હોય એની વાત કરવી છે. આ પૈકી એક ફિલ્મ તો એવી છે જેમાં પહેલીવાર ચંદ્ર પર પહોંચવાની સંપૂર્ણ પ્રક્રિયા બતાવવામાં આવી છે...!

ચાંદ પે ચઢાઈ' આજથી લગભગ ૫૬ વર્ષ પહેલા જ્યારે માનવ જાતિએ ચંદ્ર પર પગ પણ મૂક્યો ન હતો તે સમયે બોલિવૂડ 'ચાંદ પે ચઢાઈ' નામની ફિલ્મ બનાવી હતી. 'ચાંદ પે ચઢાઈ' વર્ષ ૧૯૬૭માં કાવેરી પ્રોડક્શન હેઠળ રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં રોકેટ લોન્ચિંગના દ્રશ્યો પણ બતાવવામાં આવ્યાં હતા. એટલું જ નહીં સ્પેસસૂટમાં સ્પેસ શિપ પર બેસીને ચંદ્ર પર પહોંચવાની સંપૂર્ણ પ્રક્રિયા પણ દેખાડવામાં આવી હતી. 'ચાંદ પે ચઢાઈ' હિન્દી સિનેમાની પ્રથમ સાયન્સ ફિક્શન ફિલ્મ માનવામાં આવે છે. ફિલ્મની કહાની પણ તેના નામની જેમ ખુબ જ દિલચસ્પ છે.

'ચાંદ પે ચઢાઈ'માં પ્રખ્યાત રેસલર દારાસિંહ મુખ્ય પાત્રમાં હતા. દારાસિંહ અંતરિક્ષ યાત્રી કેપ્ટન આનંદનું પાત્ર નિભાવ્યું હતું. આ ફિલ્મમાં તેને તેના સહયોગી સાથે ચાંદ પર જતા દેખાડવામાં આવ્યાં છે. ચંદ્રની સપાટી પર પગ મૂકતાં જ તે બંનેને અન્ય ગ્રહોના રાક્ષસો અને યોદ્ધાઓ સાથે લડાઈ કરવી પડે છે.

ચાંદ પે ચડાઈ ફિલ્મમાં હેલન, અનવર હુસૈન, પદ્મા ખન્ના, ભગવાન દાદા અને રત્નાની પણ મહત્વની ભૂમિકામાં છે. તો ફિલ્મમાં લતા મંગેશકર, મોહમ્મદ રફી અને આશા ભોંસલે દ્વારા ગાયેલા ગીતો પણ પ્રખ્યાત છે.

મિશન મંગલપ ભારતના મંગળ મિશનની સાચી ઘટના પર આધારિત ફિલ્મ 'મંગલ મિશન'. આ ફિલ્મમાં એ પાંચ મહિલા વૈજ્ઞાનિકોને દર્શાવવામાં આવી છે. જેના વિના મિશન મંગલની કલ્પના પણ ન કરી શકાય. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનમાં કામ કરતી આ મહિલા વૈજ્ઞાનિકોના નામ છે તારા શિંદે, ઈકા ગાંધી, કૃતિકા અગ્રવાલ, વર્ષા ગૌડા અને નેહા સિદ્દીકી. આ ફિલ્મના દિગ્દર્શક અંતરિક્ષ વૈજ્ઞાનિક રાકેશ ધવન હતા. જેમનું પાત્ર બોલિવૂડ ખેલાડી અભિનેતા અક્ષય કુમારે નિભાવ્યું હતું.

આ ફિલ્મમાં અક્ષય કુમાર સાથે વિદ્યા બાલન, તાપસી પન્નુ, સોનાક્ષી સિંહા, નિત્યા મેનન, કીર્તિ કુલહરી અને શરમન જોશી જેવા કલાકારો પણ મહત્વના રોલમાં છે. 'મિશન મંગલ' દ્વારા લોકો સુધી સત્યને પહોંચાડવા માટે નિર્માતાઓએ ઘણી મહેનત કરી હતી. જે માટે આ મિશનનું ઉંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું હતું. જેમાં ઓછા ખર્ચે મંગળ પર રોકેટ કેવી રીતે જઈ શકે તે જાણી શકાયું હતું. જેના માટે ૧૦૦થી વધુ વૈજ્ઞાનિકો સાથે ખાસ વાત કરાઈ હતી. આ ફિલ્મને સ્પેસ મિશન પર બનેલી સૌથી સફળ ફિલ્મ માનવામાં આવે છે. મિશન મંગલ બોક્સ ઓફિસ પર ૩૦૦ કરોડની કમાણી કરવામાં સફળ રહી હતી.

ફિલ્મ રોકેટ બોયઝપ જ્યારે 'રોકેટરી: ધ નામ્બી ઈફેક્ટ'નું પહેલું ટ્રેલર લૉન્ચ થયું, ત્યારે જ વેબ સીરિઝ 'રોકેટ બોયઝ'ની ચર્ચા તેજ થઈ હતી. ફિલ્મની રિલીઝ પહેલા જ આ વેબ સીરિઝને ઓટીટી પ્લેટફોર્મ પર સ્ટ્રીમ કરવામાં આવી હતી. આ સીરિઝ જોઈને તમને એવું લાગશે કે તમે દેશનો નકશો બદલવાના યુગની નહીં, પરંતુ પ્રેમના જ્ઞાનના યુગની વાર્તા જોઈ રહ્યા છો. ૧૯૩૮ થી ૧૯૬૪ના સમયગાળામાં બનાવવામાં આવેલી આ વેબ સિરીઝમાં ત્રણ વૈજ્ઞાનિકો અને તેમના યોગદાનને દર્શાવવામાં આવ્યું છે, જેમણે ભારતના અવકાશ અને પરમાણુ કાર્યક્રમોને નવી દિશા આપી છે. આ ત્રણ વૈજ્ઞાનિકો છે હોમી ભાભા, વિક્રમ સારાભાઈ અને એપીજે અબ્દુલ કલામ.

આ સીરિઝમાં આ ત્રણેય મહાન વૈજ્ઞાનિકોનું પાત્ર જિમ સાર્ભ, અર્જુન રાધાકૃષ્ણ, ઈશ્વાક અબ્દુલે નિભાવ્યું છે. જો તમે ભારતમાં અવકાશ અને પરમાણુ મિશનની મૂળભૂત બાબતોને સમજવા માંગતા હો, તો આ વેબ સિરીઝ ચોક્કસ જુઓ. આ સાથે, તમને તે યુગમાં સરકાર અને વૈજ્ઞાનિકો વચ્ચેના સંબંધોની ઝલક પણ જોવા મળશે, જે હવે ભાગ્યે જ દેખાય છે.

ગાંધીનગર જંક્શન
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

ફિલ્મ અંતરિક્ષપ અંતરિક્ષ **9000 KMPH** એ સંકલ્પ રેડ્ડી દ્વારા દિગ્દર્શિત સાયન્સ ફિક્શન એડવેન્ચર ફિલ્મ છે. જે મૂળ તમિલમાં બનેલી છે. આ ફિલ્મની કહાની સ્પેસ સ્ટેશનની કાર્ય પ્રણાલીની આસપાસ ફરે છે. આ ફિલ્મમાં સ્પેસમાં કંઈ રીતે કામ થાય છે, તેમજ તેમાં વૈજ્ઞાનિકોની ભૂમિકા શું છે? તેને બખુબી દર્શાવવામાં આવ્યું છે. ફિલ્મ દેવ નામના સ્પેસ સાયન્ટિસ્ટના જીવન પર આધારિત છે. જેણે પાંચ વર્ષ પહેલા સ્પેસ સ્ટેશન છોડ્યું હતું. જેણે સ્પેસ સ્ટેશન સાથેનો સંપર્ક ગુમાવ્યો છે. જો તે આ સમસ્યાને ઠીક કરવામાં સક્ષમ નથી, તો તે વિશ્વવ્યાપી બ્લેકઆઉટ તરફ દોરી શકે છે. આ ફિલ્મ હિન્દીમાં ઉપલબ્ધ છે.

'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ'પ અંતરિક્ષ પછી પાંચમી વૈજ્ઞાનિક પર આધારિત ફિલ્મ એક્ટર આર. માધવનની 'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ' છે. આ ફિલ્મ પદ્મ ભૂષણથી સન્માનિત રૉકેટ વૈજ્ઞાનિક નંબી નારાયણનના જીવન પર આધારિત છે. દેશના એક એવા મહાન વૈજ્ઞાનિક કે જેમણે રૉકેટ સાયન્સની દુનિયામાં ભારતનું કદ ઊંચું કરવા માટે ખૂબ મહેનત કરી. તેમ છતાં તેઓ પર દેશદ્રોહી હોવાનો ખોટો આરોપ લાગ્યો.

ફિલ્મ 'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ'માં આ વૈજ્ઞાનિકનું સમગ્ર જીવન દર્શાવ્યું છે. આ ફિલ્મ 'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ' કુલ ૨ ભાગમાં વહેંચાયેલી છે. જેમાં પ્રથમ ભાગમાં વૈજ્ઞાનિકની ઉપલબ્ધિઓ અને દેશમાં સ્પેસ વિજ્ઞાનમાં તેઓનું યોગદાન દર્શાવાયું છે. જેમાં નાસામાં મોટા પગારની જૉબ નકારી અને ઈસરો સાથે જોડાયેલા રહેવું, સ્કોટલેન્ડથી ફ્રીમાં સ્પેસનું યંત્ર લઈ આવવું, ફ્રાન્સથી ટેક્નિક શીખીને તેઓથી પણ સારું રોકેટ એન્જિન બનાવવું વગેરે સામેલ છે.

બીજી બાજુ ફિલ્મ 'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ'નો બીજો હિસ્સો જબરદસ્ત છે. જેમાં વૈજ્ઞાનિક નંબી નારાયણનની રોકેટ સાયન્સ ટેક્નિક વેચવાના ખોટા આરોપમાં ધરપકડ કરવામાં આવે છે અને પછી તેઓ આ અન્યાય સામે જ લડત ચલાવે છે તે દર્શાવાઈ છે.

'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ' ફિલ્મનો પૂરો ભાર એક્ટર આર. માધવનના ખભે છે. તેમણે મજબૂતીથી આ ફિલ્મ ઉઠાવી છે. 'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ'માં આર. માધવનનો યાદગાર અભિનય છે. ફિલ્મનું કેમેરા વર્ક પણ સારું છે કે જેમાં ભારત સહિત અમેરિકા, રશિયા, સ્કોટલેન્ડ, ફ્રાન્સની સુંદરતા સહિત સ્પેસ એન્જિનની ભવ્યતા દર્શાવાઈ છે. ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને ગીતો તેની વાર્તા અનુરૂપ છે. વૈજ્ઞાનિક નંબી નારાયણનના જીવન પર આધારિત આ ફિલ્મ 'રોકેટ્રી: ધ નંબી ઈફેક્ટ' ચોક્કસ જોવાલાયક છે.

રેડ સિગ્નલ:

વૈજ્ઞાનિકો કરોડો રૂપિયા ખર્ચીને ચંદ્રયાન બનાવીને અંતરિક્ષમાં મોકલે છે જ્યારે કવિ લેખક તો એની માત્ર કલ્પના શક્તિના જોર પર લોકોને ચાંદ બતાવે છે !

"ફફડતી હોય જિંદગી કેદ બની પીંજરે રોજે રોજના ઘટમાળમાં ને મળે ટેરવાનો થોડો સ્પર્શને આઝાદ થઈ જવાય એમ પણ બને"

સોશ્યિલ મીડિયામાં એક વિડિઓ ધુમ મચાવી રહ્યો છે, જે છે ટેલિવિઝનના એક સંગીત કાર્યક્રમના એપિસોડના અમુક અંશ.

જેમાં દિગ્ગજ કવિ, ગીતકાર શ્રીમાન સંતોષ આનંદની હૃદય દ્રાવક જીવન સફર જે જોઈ આપણને જીવનનો મર્મ સમજાઈ જાય.

એક પ્યારકા નગ્મા હૈ મોજો કી રવાની હે
જિંદગી ઓર કુછ ભી નહીં તેરી મેરી કહાની હે

આપણે એમના ગીતો સાંભળીને મોટા થયા, શીખ્યા, સમજ્યા અને આનંદમાં રહ્યાં. વ્હિલ ચેર પર બેસીને શરીરના પૂરતા અંગો કામના કરતા હોવા છતાં, એ જુસ્સાથી બોલે કે " હોસલા નહીં હારતા હાથિયાર હારતા હૈ" આ એક કલાકાર જ કરી શકે, જીવન જીવી જાણે અને લોકોને જીવાડી જાય. આજ એમનામાંથી શીખવા જેવું છે,પાવર, પૈસા, પરિવાર નથી રહ્યો, પગ તૂટ્યા છે છતાં કલેજુ નથી તૂટ્યું.

દરેક પરિસ્થિતિમાં જીવન પ્રત્યેનો અભિગમ શીખવા મળ્યો.

એમના સાથી જેમની કૃપા એમના પર રહી શ્રી લક્ષ્મી કાન્ત પ્યારેલાલ વિશે એમને વાત કહી, કે એક ટેકો બસ માત્ર પૂરતો છે હોસલાને જકડી રાખવા માટે. હા, બસ કોઈનો સાથ જ પૂરતો છે, ઉભા થવા માટે.

કુછ ભી નહીં હે તો કોઈ ગમ નહીં હે
હર એક બેબસી બન ગઈ ચાંદની હે
તેરા સાથ હે તો મુજે ક્યા કમી હે
અંધેરો સે મિલ રહી રોશની હે
એક શોખ માણસને જીવંત રાખે છે

ઘણા લોકો આ જોઈ ભાવુક બન્યા, ઘણા રડ્યા પણ હશે અને ઘણાને માત્ર ટી. આર.પી લાગ્યું, તો કોઈને નેહા ક્કરે એક દિગ્ગજ કલાકારનું અપમાન કરતી લાગી અમુક પૈસા દાન આપીને.

પણ !આપણે શું કર્યું મેસેજ ફોરવર્ડ કર્યા બન્ને... લાગણીસભર અને લાગણી વિહીન બન્ને.. આપણે કોઈનો આક્રોશ ફોરવર્ડ કર્યો તો કોઈક ને રુદન. આપણે બીજાના વિચારો ફોરવર્ડ કર્યા માત્ર. આપણે એ નથી જ જોઈ શક્યા શ્રી સંતોષ નાયરજી નો હોસલો, એમના જીવવાનું કારણ. એ ટકી શક્યા હશે માત્ર પ્રેમ, દુઆ અને શોખના કારણે. શોખ ક્યારેય નાશવંત નથી હોતો.એ જીવે છે આપણામાં જ. આટલી લોક પ્રિયતા આજે પણ છે, બસ એને લોકો સમક્ષ લાવવામાં વાર થઈ માત્ર.

એમ પણ બને !
પારૂલ અમિત

આપણી આસપાસ ઘણા લોકો છે જે પડી ને ઉભા થયા હશે, ઉભા થઈ ને પડ્યા હશે, કોઈક લથડિયા ખાતું હશે. પણ અહીંયા ખભો ધર્યા કરતા ટાંગ ખેંચાય છે, ટાર્ગેટ, અમુક ડિસિઝન થોપી બેસાડીને, કે પોતાની લીટી લાંબી કરવામાં, શોર્ટ કટ અપનાવીને. આપણે ક્યારેય કોઈને ટેકો આપતાં નથી.કોઈની સાવ પરિસ્થિતિ વણસી જાય એટલે આપણે ગોસિપ કરીએ જોયું ... સાંભળયુ એની સાથે શું થયું. બસ આજ બધું... આંગળી ચિંધ્યા કરતા ટેકો આપતા શીખીએ તો સારુ. જિંદગીએ માત્ર દ્રષ્ટિકોણની રમત છે, નેહા ક્કર આવીને એમને માથે ફેરવે આ લાગણીમાં જ બધું જ આવી જાય એ પાંચ લાખ આપ્યાથી પણ વધુ. જરૂર છે માત્ર માનસિક ટેકાની. જિંદગી ક્યારે કોનું ચેપ્ટર બદલે એ નક્કી નથી. ક્યા પાને શું લખેલું હશે અને ક્યુ પાનું કોરું હશે એ મોટુ રહસ્ય છે, છતાં આપણે જિંદગી ને સમજી શકતા નથી.

કેટલી જોરદાર અને સચોટ વાત કહી છે, શ્રી સંતોષ આનંદજીએ

"જિંદગી ઓર કુછ ભી નહીં તેરી મેરી કહાની હે"

દરેક મનુષ્યનું સ્વપ્ન જીવનમાં સફળતા કેવી રીતે પ્રાપ્ત કરવી એ હોય છે, કોઈ પણ ભોગે પણ સફળતા એ માત્ર ટી.આર.પી નથી.

શું આપણે એવી સફળતા મેળવીએ છીએ જેમાં માત્ર આપણે જ નહીં આપણા થકી ઘણા સફળ થાય. સફળતા પ્રાપ્ત કરવાના વિષયમાં ઘણા લેખકોએ પોતાના પુસ્તક ધૂમ વેચ્યા અને આપણે ખરીદયા. પણ કોઈ એવું પુસ્તક વસાવ્યું આપણે કે લખ્યું સફળતા પામ્યા પછી શું? ઘણાના લોહી, સમય, પૈસા અને પરિવારના ભોગે આપણે સફળ થતા હોઈએ છીએ. આપણી સફળતા પાછળ ઘણાના ભોગ હશે. આપણી ઓફિસમાં કામ કરતા મેસેન્જરથી લઈ દરેક કર્મચારીના સહકારના કારણે જ આપણે સફળ હોઈશું. આપણો ટાર્ગેટ અને આપણે ટોપ પર રહીએ એ માટે કેટલાયે લોકોના શોખ, પરિવાર અને પ્રસંગમાં આપણે નડતર રૂપ થયા જ હોઈશું. તો સફળતા શાની? કોની? અને મળી પણ ગઈ તો એમાં 'હું' પણું શેનું? મોટિવેશન પુસ્તકો ઘણા વસાવ્યા હશે અને ફીસ ચૂકવીને અનેક સેમિનારોમાં સફળતા મેળવવાના ક્લાસ પણ ભર્યા હશે.

સુખી થવાના નુસખા શીખવા માટે ગયા હોઈશું.પણ સુખી કરવા નહીં.બસ બધું આપણને જ જોઈએ છીએ, શેર નથી કરવું કોઈ સાથે.

પણ સુખ એટલે શું એ જ નથી જાણતા. બીજાને ખભો આપવો એ સાચું સુખ હશે. એવો વિચાર આવ્યો છે, શા માટે મરણ પામેલ વ્યક્તિને કાંધ આપવામાં આવે છે? ખોળામાં કેમ નથી લઈ જવાતું? કારણ ખભો જ આધાર સ્તંભ હશે. પણ આપણે સમજી શકતા નથી. ચાલોને સમજીએ રોજે રોજ લાઈમ લાઈટમાં રહેતા વ્યક્તિ અચાનક ગાયબ થઈ જાય તો જાણીએ શું થયું હશે, કદાચ આપણો મોરલ સપોર્ટ એમને બહાર કાઢે. આજ કાલ તો સ્ટેટ્સમાં જ આપણે એકબીજા લાગણીઓ જાણી શકીએ છીએ.

અનુસંધાન પાના નં. ૭ પર

સુગંધ એ ફૂલની પ્રાયોરિટીમાં આવે છે... તમારી સુગંધ કઈ...?

પ્રાયોરીટી નક્કી કરવી એ જીવનમાં સૌથી મહત્વનું અને સૌથી અઘરું કામ છે. આપણી પ્રાયોરિટી આપણને ઘડે છે. આપણને સિંચે છે. આપણે ક્યાં સંબંધને કેટલી પ્રાયોરિટી આપીએ છીએ તે તે સંબંધનું આયુષ્ય નક્કી કરે છે. જીવનમાં આપણને સામાજિક રીતે, કાર્યક્ષેત્રના સ્થળે, કે કૌટુંબિક રીતે ઘણાં નાનાં મોટાં કાર્યો કરવા પડતા હોય છે. તેમાં કયા કાર્યોને તમે પહેલા પૂરા કરો છો.

પમરાટ
મિત્તલ પટેલ

જે તે સમયે તમે કયા કાર્યોને તેમની મહત્વતાની કક્ષા પ્રમાણે પ્રાયોરિટી આપો છો તેનાં પરથી તમે સામાજિક રીતે, આર્થિક રીતે, કૌટુંબિક જવાબદારીઓ માં ,સંબંધોમાં કેટલાં સફળ થશો તે નક્કી કરે છે.

કેટલીક વાર આપણે સહેલું સહેલું કામ પહેલાં કરવા લાગી જઈએ છીએ અને થોડુંક મહેનત માગી લે તેવું પણ ખૂબ જ મહત્વનું કામ કરવાનું રહી જાય છે. જેથી પાછળથી પસ્તાવાનો વારો આવે છે અથવા "સમય જ ન મળ્યો " એવું બહાનું હાથ ધરવું પડે છે.હકીકતમાં તમે પ્રાયોરીટી નક્કી કરવામાં થાપ ખાઈ ગયા હોવ છો. ઘણીવાર નવરાશનો સમય ઘણો બધો હોય અને કોઈ કામ હોય તો પણ યાદ ન આવે ને ઘણીવાર વ્યસ્ત હોઈએ ત્યારે નવાગામ યાદ આવે ત્યારે સમય ઓછો પડે એવું થાય છે તે માટે નાના મોટા દરેક કામને જેમ જેમ યાદ આવે તેમ પ્રાયોરિટી પ્રમાણે ક્રમ આપી લખવાની ટેવ કેળવવી પડે. જેથી યોગ્ય સમયે મહત્ત્વના કામ પાર પાડી શકીએ.

જે તે ક્ષણે કયા કાર્યને અગ્રિમતા આપવી,કયા સંબંધને અગ્રીમતા આપવી તેનો યોગ્ય નિર્ણય જ આપણને સફળ બનાવે છે. આ સફળતા એટલે કોઈ એવોર્ડ કે પ્રસિદ્ધિ નહીં જીવનનાં બધાં પાસાને સાચવીને બેલેન્સ લાઈફ જીવવામાં "સ્વ" ને મળેલ સફળતા.

બીજી રીતે જોઈએ તો આપણાં દ્વારા અપાતું કોઈ વ્યક્તિને મહત્વ તે વ્યક્તિને જીવન જીવવાની હુંફ પૂરી પાડે છે. ઘરડા મા-બાપને પૂછવામાં આવે કે તમે આજે શું જમશો? નાનાં બાળકને પૂછવામાં આવે કે તને આજે કયો વિષય ભણવો ગમશે? એક ગૃહિણીને ક્યારેક કહેવામાં આવે કે.."તું ઘર સારી રીતે સંભાળે છે એટલે હું ચિંતામુક્ત રીતે નોકરી કરી શકું છું"... તો તેમને આપેલું થોડું મહત્વ પણ તેમનામાં આત્મસન્માન વધારે છે. જ્યારે તમે થોપી દો છો કે જે ઘરમાં બને એ ખાવાનું. એમાં વળી પૂછવાનું શું. બાળકને જે અમે ભણાવીએ, ટ્યુશન માં જે ભણાવશે એ જ ભણવાનું. ગૃહિણીની ને વળી કદર કેવી!! તેનું તો એ કામ જ છે. તો એમાં તેમની ભાવનાઓ રિબાય છે. પણ ક્યારેય તેનો અવાજ આવતો નથી.

લકીરે, લકીરે ..ચીતરાઇ ગયું કોઈએ પૂછ્યું નહીં કે આ કેમ નું..??...
લથડી ગયાં ,પગ મનડાં ને લઈને તોયે ન સાંભળી શક્યા કે "કેમ છે તું"??

તમે બાળકને ક્યારેક-ક્યારેક પૂછો છો કે તને આજે શું જમવાનું ગમશે.. તે બનાવું. તને કયા કપડાં પહેરવા છે? આવી નાની નાની વસ્તુઓમાં પૂછવામાં આવેલો તેનો અભિપ્રાય તેમનો આત્મવિશ્વાસ ઘડે છે. "હું પણ ઘરમાં મહત્વની વ્યક્તિ છું"એવો અહેસાસ તેને કરાવે છે. તેથી તેને પોતાનાં હોવાપણા માટે આનંદની અનુભૂતિ થાય છે. આવું જ ઘરમાં રહેતા મોટી ઉંમરના વ્યક્તિઓ સાથે થાય છે. ક્યારેક, ક્યારેક નાના મોટા નિર્ણય લેતી વખતે તેમનો અભિપ્રાય પુછાય, તેમનાં જીવનનાં અનુભવોના નીચોડનો થોડોક લાભ લેવાય. તેમને તો ઘણી બધી વાતો કરવી જ હોય છે પણ ઘરમાં કોઈની પાસે સમય જ નથી હોતો. પણ ક્યારેક તેમની પાસે બેસી આ વાતો સાંભળી શકાય. જેટલી હુંફ તેમને મળશે એટલી જ રિટર્ન ગિફ્ટ તરીકે આપણને મળશે. મૂર્છિત થયેલી તેમની સંવેદનાઓ ખીલી ઉઠશે. અને અઢળક અશાબ્દિક આશીર્વાદનો વરસાદ હશે.

ઉઠી ને પૂછ્યું એ ફૂલડા એ ડાળીને... તું સુતીતી જ્યારે હું હતું નિંદ્રામાં???
રડાળીએ હસીને ,વળીને, પકડીને.... ફૂલને સૂંઘ્યું કંઈક થઈને નિંદ્રાધીન..!!!

ક્યારેક કોઈની જીવનમાંથી અચાનક થતી બાદબાકી આખા જીવનને ડામાડોળ કરી નાખે છે. એક કરંટનો ઝટકો આપી જાય છે. ત્યારે અચાનક મનમાં ચમકે છે કે અરે મારે તો તેની સાથે આટલી બધી વાતો કરવી બાકી હતી.મારે તો મારા મમ્મી પપ્પા ના ખોળામાં માથું મૂકી થોડું હતું. થોડુંક વાત્સલ્ય અનુભવવું હતું. મને નોકરી અને ઘર કામમાંથી સમય જ ન મળ્યો. ને હવે ક્યાં છે એ ખોળો ને ક્યાં છે તે વાત્સલ્ય ભર્યો હાથ!! તેની ગેરહાજરી આપણને સતત ડંખી જાય છે... કોઈ વ્યક્તિ સાથે સતત માત્ર ઝઘડ્યા જ હોઈએ. તે મને નથી સમજતી કે હું તેને નથી સમજી શકતો ના સંઘર્ષમાં સાથે થોડીવાર મૌન રહી એકબીજાના અસ્તિત્વ ના મહત્વ ને જ વિસરી જવાય છે. "તે છે આપણી સાથે"એ જ મહત્વનું છે બીજું બધું ગૌણ. ને એ ત્યારે જ ફીલ થાય છે જ્યારે તે નથી હોતું જીવનમાં.

ઓશિકાના કવર ને પૂછજો કે.... મેં ટેક્યું છે... તેનામાં શું??
આખો એ આખો એ સંવેદનાનો ઘેલો.. ઠાલવ્યો તોય અશ્રુની ધારા નું શું...???

- mitalpatel56@gmail.com
94289 03743

એક બાજુ સફૂન છે, જ્યારે બીજી બાજુ ખારાશથી ભરેલો અજંપો

બે પ્રકારના માણસો છે. પહેલો જીવલો જે તેની પત્ની સોમી સાથે હાઈવે પર બંધાતા પુલ પર મજૂરી કરે છે. એના માબાપ બાંસવાડાની કોઈ એક ડુંગરી પર રહે છે અને જીવલો શહેરમાં કમાવવા ગયો છે, એ વાતે ખુશ છે. સામે પક્ષે સોમી છે, જે એના પતિ સાથે કાળી મજૂરીમાં રોજ ભાગ પડાવે છે, પણ સહિયારા સાથના અફિણી કેફમાં એને થાક વિશે વિચારવાની પણ ફૂરસત નથી. જીવલાની પાસે કોઈ મટમોસી અપેક્ષાઓનો ભારો નથી, કોઈ મોટા સમણા નથી. પતિ-પત્ની બંને આખો દિવસ શરીરની ગંધમાં ભરપૂર નાહ્યા બાદ રાતની સફર બહુ જ સરળતાથી, પ્રેમથી, મોજથી અને પછી ભરપૂર નિદ્રામાં ડૂબીને પસાર કરી નાખે છે. સમય ક્યાં જતો રહે છે એ રાત્રે ખબર નથી પડતી, પણ દિવસ થકવી નાખે છે. સિમેન્ટ, કોંક્રીટ અને પથ્થરો સાથે કામ પાર પાડવાનું છે. અહીંયા કશું નવું કરવાનો રોમાંચ નથી. સિસિફિયન લાઈફ છે. રોજ એકના એક દિવસ છે, પણ ચેલેન્જ જુદી છે, થાકનું પ્રમાણ પણ જુદું છે, છતાં સોમીના સહારે જીવલો દુઃખમાં હળવોફૂલ રહે છે. એની અંદરનો માણસ જીવંત રહે છે.

સામે પક્ષે વેલજીભાઈ શેઠ છે. ધિકતો ધંધો છે. દિકરી પરણીને અમેરિકા જતી રહી છે. દિકરો મુંબઈમાં સેટ છે. એક પૌત્ર અને પૌત્રી છે. વેલજીભાઈનું અમદાવાદમાં મોટું નામ છે. પત્ની જરૂર કરતા વધારે ધાર્મિક છે, કેમ કે શેઠ આખું જીવન ધંધામાં, કમાવવામાં મસ્ત રહ્યા છે. હવે બધું છે. જે જે ધારેલું, જે જે માંગેલું એ બધું સુખ આ વૃદ્ધ દંપતી પાસે છે. પણ જીવનમાં કશુંક ખૂટે છે. વેલજીને ઊંઘ નથી આવતી. વેલજીને મનમાં ભયંકર વિચારોનો મારો ચાલે છે. રાત્રે ઊંઘવા માટે ક્યારેક ગોળી તો ક્યારે પુસ્તકનો સહારો લેવો પડે છે. પણ વેલજી તો શેઠ છે. કોઈની આગળ